સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા
આર્થિક રીતે પછાતવર્ગો માટે દૂધાળાં ઢોર
ખરીદવા માટે સહાય આપવાની યોજના.

ગુજરાત સરકાર,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
સુધારો ક્રઃબકર-૧૪૭૯/૪૬૦૬૯-છ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: ૨૭મી જુલાઇ,૧૯૭૯

વંચાણમાં લીધો :- મ. સ. ક. અને આ.વિ.વિ.નો તા. ૧૬-૧-૭૯નો
ઠરાવ ક્રઃબકર-૧૩૭૮/૬૭૨૧૨-છ,

સુ ધા રો :-

ઉપરોક્ત બાબત અંગેના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૬-૧-૭૯ના ઠરાવ ક્રઃબકર-૧૩૭૮/૬૭૨૧૨-છ માં અત્યારે જે પેરા-૨ ના સબ પેરા(૨), (૧૦)અને (૧૧) છે, તેને બદલે નીચે પ્રમાણે તે ત્રણ પેરાઓ સુધારીને વાંચવા :-

ફકરો :- ૨ :-

"(૨) ભરવાડ-રબારી વિકાસ યોજના હેઠળ જેઓએ દૂધાળાં ઢોર અંગેનો આવો લાભ મેળવ્યો હશે તેમને , આ યોજના નીચે લાભ મળી શકશે નહિ."

":૧૦: જે લોકોને ડી.પી.એ.પી.,એસ.એફ.ડી.એ., અને એમ.એફ.એ.એલ. યોજના હેઠળ દૂધાળાં ઢોર ખરીદવા સહાય મળી શકતી હશે અને જેઓએ તે યોજનાઓ નીચે આવો લાભ લીધો હશે તેમને, આ યોજનાનો લાભ મળી શકશે નહિ. જે લોકોએ આવો લાભ લીધો હશે નહિ તેઓ, ઉપરોક્ત ત્રણ યોજનાઓ નીચે અથવા હાલ બહાર પાડેલી યોજનાઓમાંથી, જે યોજના તેમને વધુ લાભદાયી હશે, તેમાંની એક નીચે આ લાભ લઇ શકશે."

" :૧૧: આ યોજના નીચે લાભ મેળવવા માટે, લાભ લેવા ઇચ્છતી વ્યક્તિએ, એસ.એફ.ડી.એ./ડી.પી.એ.પી./ એમ.એફ.એ.એલ.યોજનાઓમાંથી આવો લાભ લીધો નથી, તેવું, જે તે પ્રોજેક્ટ અધિકારીનું પ્રમાણપત્ર મેળવીને રજૂ કરવાનું રહેશે. ત્યાર પછી તેમને આ યોજના નીચે સહાય મંજૂર થઇ શકશે.

...૨...

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જુ. મો. વોરા
સેકશન અધિકારી,
મજૂર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

* રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર,
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર,
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત મદદનીશશ્રીઓ
સચિવાલયના બધા વિભાગો,
મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ /રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ
* વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ/ મીલ અધિકારીઓની
કોલોની આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
( વધારાની ૧૫ નકલો સાથે.)
સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગુજરાત રાજય, સેકટર-૧૬,
પાટનગર યોજના ભવન, ગાંધીનગર /વધારાની પાંચ નકલો સાથે/
બધા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ, /રાજય/ અને/ પંચાયત/
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ,
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
પ્રાયોજના વહીવટદાર /આદિવાસી વિસ્તાર પેટા યોજના/ ના તાબા
હેઠળના મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની બધી શાખાઓ
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર, આ અંગે અખબારી યાદી બહાર પાડવા અર્થે.
વિશિષ્ટ ફાઈલ-ઙ શાખા

---

* પત્ર દ્વારા.